દાવો દાખલ તારીખ	૦૬	૧૧	૨૦૨૩
દાવો નિકાલ તારીખ	૨૩	૦૬	૨૦૨૬
સમય–અવધિ	વર્ષ	માસ	દીવસ
	૦૨	૦૭	૧૭

અંકલેશ્વરના મહે. ત્રીજા અધિક સીનીયર સિવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં, અંકલેશ્વર.

રે.દી.મુ.નંબર : ૨૨૬/૨૦૨૩

આંક :–

NOBEL STEEL & ENGINEERING WORKS ના ભાગીદાર સોહેલ ઈકબાલ હુશેન પટેલ

ઉ.આ.વ. ૩૦, ધંધો – વેપાર

રહે. પ્લોટ નં–૧૪, નોબલ માર્કેટ કાપોદરા રોડ, અંકલેશ્વર, જી.ભરૂચ

:: વિરૂધ્ધ ::

(૧) SHIV ENTERPRISE

ધંધો : વેપાર

રહે. બાલાજી એવન્યુ, ગાર્ડનસીટી સોસાયટી, અંકલેશ્વર, જી. ભરૂચ.

(૨) મોહીત રાધેશ્યામ શર્મા

ધંધો : વેપાર

રહે. ૧૦૬, ગોપીનાથ સોસાયટી, રાજપીપળા રોડ, અંકલેશ્વર, જી. ભરૂચ

દાવો :– સી.પી.સી. ઓર્ડર ૭ રૂલ ૨ મુજબ રૂા. ૧,૪૫,૨૭૦/–ની વસુલાતનો

....

વાદી	તરફે	વિ.વ.શ્રી	:	પી.જે. બેસનવાલા
પ્રતિવાદી	તરફે	વિ.વ.શ્રી	:	એક તરફી

....

:: <u>જજમેન્ટ</u> ::

૧. વાદીના દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે , વાદી ઉપરોકત મુકામેથી NOBEL STEEL & ENGINEERING WORKS ના નામથી રૂફીંગ રીટ, કલર કોટેડ (રૂફીંગ રીટ પતરા), એસેસરીઝ, પાઈપ વગેરેનું ઉત્પાદન અને વેચાણ કરે છે તેઓનો જીએસટી નંબર 24AAPFN9304D1ZB છે. જયારે આ કામના પ્રતિવાદી નં–૧ તે SHIV ENTERPRISE નામની ધંધાકીય પેઢી છે. અને પ્રતિવાદી નં–ર SHIV ENTERPRISE ના માલિક છે. અને પ્રતિવાદી નં– ર સીવીલ કંન્સ્ટ્રકશનને લગતું કામ કરે છે. પ્રતિવાદી નં–૧ જીએસટી નં. ધરાવે છે. જે જીએસટી નંબર 24LAKPS9267E1ZZ છે. વાદી ઉપર મુજબની વસ્તુનુ ઉત્પાદન અને વેચાણ કરતા હોય આ કામના પ્રતિવાદી સવીલ કન્સ્ટ્રકશનને લગતુ કામ કરતા હોય , આ કામના પ્રતિવાદીઓ અને અમો વાદી વચ્ચે વર્ષ–ર૦૧૯થી ધંધાકીય સંબંધ ચાલી આવેલ છે. જે સંબંધને કારણે આ કામના પ્રતિવાદી નં–રનાએ વાદી પાસેથી જુદી–જુદી તારીખોએ પ્રતિવાદીઓએ તેમની જરૂરીયાત મુજબની ઉધાર માલની ખરીદી કરેલ હતી. તે ઉધાર માલના જીએસટી સહિતના બીલો અમો વાદીએ આ કામના પ્રતિવાદીઓને જે તે વખતે પુરા પાડેલ છે. જે મુજબ વાદીએ આ કામના પ્રતિવાદીઓ પાસે હાલ વર્ષ ર૦ર૧ના અંતમા રકમ રૂા. ૧,૪પ,ર૭૦/– (રકમ રૂા. એક લાખ પીસતાળીસ હજાર બસો સીતેર પુરા) લેવાના બાકી છે. જે રકમની ચુકવણી માટે વાદીએ આ કામના પ્રતિવાદીઓ પાસે વારંવાર માંગણી કરતા આ કામના પ્રતિવાદીઓએ વાદીને રકમ રૂા.૧ ,૪પ,ર૭૦/– (રકમ રૂા. એક લાખ પીસતાળીસ હજાર બસો સીતેર પુરા) ની ચુકવણી માટે પ્રતિવાદી નં–રનાએ આ કામના પ્રતિવાદી નં–૧ના બેંક ખાતા એચ.ડી.એફ.સી. બેંક અંકલેશ્વર શાખાનો ચેક નં. ૦૦૦ર૪૯નો રકમ રૂા. ૧,૪પ,ર૭૦/– નો તારીખ ૧૪/૧૦/ર૦ર૧નો લખી આપેલ અને વિશ્વાસ અને ભરોસો આપેલ કે ચેક રીર્ટન થશે નહીં અને ચેકના નાણા જમા મળી જશે. જેથી વાદીએ ચેક સ્વીકારેલો .

પ્રતિવાદી નં–રએ આપેલ વિશ્વાસ અને ભરોસાને ઘ્યાને લઈ પ્રતિવાદીની સુચના મુજબ વાદીએ ઉપરોકત ચેક નં. ૦૦૦ર૪૯નો ચેક સ્વીકાર અર્થે પ્રતિવાદી નં–૧ના ડી.સી.બી. બેંક અંકલેશ્વરના બેંક ખાતામાં રજુ કરતા ઉપરોકત ચેક તા.૧૬/૧૦/ર૦ર૧ના રોજ વગર સ્વીકારાયે Funds Insufficient ના શેરા સાથે પરત ફરેલ. જે અંગે વાદીએ પ્રતિવાદીને જાણ કરતા પ્રતિવાદીએ વાદીને ચેક રીર્ટન અંગે કોઈ કાર્યવાહી નહી કરવા જણાવેલ. વાદીએ પ્રતિવાદી સાથેના ધંધાકીય સંબંધના કારણે ચેક રીર્ટન અંગેની કોઈ કાર્યવાહી કરેલ નહી. આમ કરતા ચેક અંગેની મુદત પણ પુરી થઈ ગયેલ ત્યારબાદ પણ વાદીએ પ્રતિવાદી પાસે અવાર નવાર માંગણી કરવા છતા પ્રતિવાદીએ આજદીન સુધી વાદીને નાણા ચુકવેલ નથી.

આમ, વાદીએ આ કામના પ્રતિવાદી પાસે ઓકટોમ્બર–ર૦ર૧થી કુલ્લે રકમ રૂા.૧,૪પ,ર૭૦/– (રકમ રૂા. એક લાખ પીસતાળીસ હજાર બસો સીતેર પુરા)લેવાના બાકી પડે છે. જે બાકી રકમ પ્રતિવાદીએ નિયત સમયમાં ચુકવેલ ન હોય જેથી ધંધાકીય રીવાજ મુજબ વાદી આ કામના પ્રતિવાદીઓ પાસે વાર્ષિક ર૪% લેખે નાણા રોકાણી નુકસાન મેળવવા હકદાર છે.જે તમામ રકમ ચુકવી આપવા વાદીએ પ્રતિવાદીને વારંવાર કહેવા છતાં પ્રતિવાદીએ વાદીની લેણી રકમ વસુલ જમા આપેલ ન હોય જેથી વાદીએ સદર લેણી રકમ રૂા.૧,૪પ,ર૭૦/– (રકમ રૂા. એક લાખ પીસતાળીસ હજાર બસો સીતેર પુરા) ઉપરાંત વાર્ષિક ર૪% લેખે નાણા રોકાણી નુકસાન વળતર સહિતની કુલ રકમની વસુલાત બાબતની નોટીસ પ્રતિવાદીને તારીખ ૧પ/૦ર/ર૦ર૩ના રોજ વકીલ શ્રી મારફતે રજી.પો.એ.ડી.થી નોટીસ મોકલાવેલ. જે નોટીસ પૈકી પ્રતિવાદી નં – ૧ના સરનામે મોકલાવેલ નોટીસ " ઈનકમ્લીટ એડ્રેસ "ના શેરાથી તા. ૧ ૮/૦ર/ર૦ર૩ના રોજ પરત ફરેલ છે. આ કામના પ્રતિવાદીઓ છેલ્લે તે સ્થળે થી જ વેપાર ધંધો કરતા હતા. જે નોટીસમાં જણાવેલ પ્રતિવાદીઓના નામ સરનામા સાચા ખરા છે. આમ, વાદીએ આ કામના પ્રતિવાદીઓ પાસે કુલ રૂા. ૧,૪પ,ર૭૦/– (રકમ રૂા. એક લાખ પીસતાળીસ હજાર બસો સીતેર પુરા) લેવાના બાકી છે જે રકમ વાર્ષિક

૨૪% લેખે નાણા રોકાણી નુકસાન વળતર સહિત વસુલ મેળવવા આ કામના પ્રતિવાદીઓ વિરુદધ આ દાવો કરવો પડેલ છે.

૨. સદર કામે વાદીના દાવા અન્વયે દાવાનો નોટીસ પ્રતિવાદીને કાઢવામાં આવતા તા. ૨૩/૨/૨૪ના રોજ પ્રતિવાદીને નોટીસ ધારાધોરણસર બજી જતા પ્રતિવાદી કોર્ટમાં હાજર રહેલ છે અને તા.૨૮/૨/૨૪ના રોજ વકીલ રોકવા માટેની અરજી રજુ કરેલ છે. જે આ કામે આંક–૦૬થી રજુ છે. ત્યારબાદ વાદી કોર્ટમાં હાજર ન રહેતા મારા પુરોગામી જજ શ્રી દવારા પ્રતિવાદીનો જવાબનો હક બંધ કરેલ છે.

૩. હાલના દાવાના ન્યાય નિર્ણય કરવા સારૂ મારા પૂરોગામી વિ. ન્યાયાધીશશ્રીએ આંક –૦૮ થી નીચે મુજબના મુદ્દા મુકરર કરેલા છે.

-: <u>ISSUES</u> :-

1. શું વાદી પુરવાર કરે છે કે, તેઓની અને પ્રતિવાદી વચ્ચે ધંધાકીય સંબંધ સને ૨૦૧૯ના વર્ષથી ચાલી આવેલ હોય પ્રતિવાદી નં ૨નાએ વાદી પાસેથી જુદી જુદી તારીઓએ ઉધાર માલની ખરીદી કરેલ હતી?
2. શું વાદી પુરવાર કરે છે કે, આ કામના પ્રતિવાદી પાસેથી સને ૨૦૨૧ના અંતમાં રૂા.૧,૪૫,૨૭૦/– લેવાના બાકી પડે છે?
3. શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીએ લેણી રકમની ચુકવણી માટે એચ.ડી.એફ.સી. બેંક અંકલેશ્વરના ખાતાનો ચેક નં.૦૦૦૨૪૯ તા. ૧૪/૧૦/૨૦૨૧ના રોજનો પરત અપુરતા ભંડોળના શેરાથી ચેક પરત ફરેલો ?
4. શું વાદી પુરવાર કરે છે કે, પ્રતિવાદીને તા. ૧૫/૦૨/૨૦૨૩ના રોજ વકીલ મારફતે નોટીસ આપવા છતા આજદીન સુધી લેણી રકમ ચુકવવામાં નિષ્ફળ ગયેલ છે ?
5. શું વાદી લેણી રકમ ઉપર વ્યાજ મેળવવા હકદાર છે? જો હા, તો કેટલા ટકા ?
6. શું વાદી માંગ્યા મુજબની દાદ મેળવવા હકદાર છે ?

7. શું હુકમ અને હુકમનામું ?

૪. ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમા.

૨. હકારમા.

૩. હકારમા.

૪. હકારમાં

૫. અંશત: હકાર

૬. અંશત: હકાર

૭. આખરી હુકમ મુજબ

૫. પક્ષકારો તરફે પોતાનો કેસ પુરવાર કરવા માટે પ્લીડીંગનાં સમર્થનમાં નીચે મુજબનો પુરાવો રજુ કરવામાં આવેલ છે.

:: વાદીનો મૌખિક પુરાવો ::

ક્રમ	આંક	સાહેદની વિગત
૦૧	૨૭	વાદી NOBEL STEEL & ENGINEERING WORKS ના ભાગીદાર સોહેલ ઈકબાલ હુશેન પટેલ નું સરતપાસનું સોગંદનામું

:: વાદીનો દસ્તાવેજી પુરાવો ::

ક્રમ	આંક	દસ્તાવેજોનું વર્ણન
૦૧	૨૪	અસલ ચેક નં. ૦૦૦૨૪૯
૦૨	૨૫	ચેક રીર્ટન મેમો

૦૩	૨૬	વાદી પેઢીનું ભાગીદારી અંગેનુ નોંધણી સર્ટીફીકેટ
૦૪	૨૮	વાદી પેઢીનુ જીએસટી સર્ટી.
૦૫	૨૯	પ્રતિવાદી પેઢીનુ જીએસટી સર્ટી
૦૬	૩૦	પ્રતિવાદીના ખાતાનો ઉતારો
૦૯	૩૧	પ્રતિવાદીને આપેલ નોટીસની સ્થળપ્રત
૧૦	૩૨	પોસ્ટખાતાના ચાર્જીસ ચુકવ્યાની રસીદ
૧૧	૩૩	પોસ્ટખાતાના ચાર્જીસ ચુકવ્યાની રસીદ
૧૨	૩૪	પરત ફરેલ અસલ કવર

આ કામના વાદી તરફે સદર દાવાના કામે વધુ કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવા માંગતા નથી તે સંબંધી આંક–૩૫ થી પુરાવા બંધ પૂરસીસ રજુ કરવામાં આવેલ છે.

૬. આ કામે પ્રતિવાદી તરફે કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ નથી.

૭. વાદી તરફે વિ.વ.શ્રીની મૌખિક દલીલો સાંભળવામા આવેલ છે. પ્રતિવાદી તરફે કોઈ દલીલ નથી. જે હાલના દાવાના આખરી નિર્ણયના કારણો ધ્યાને લઈ ચર્ચામા એકી સાથે વણી લીધેલ છે જેથી અહી તેની અલગથી ચર્ચા કરવી ઉચિત જણાતી નથી.

<u>::: કા..ર..ણો :::</u>

૮. હાલના કેસના ન્યાયીક નિર્ણય માટે બંને પક્ષકારોએ રજુ કરવામાં આવેલ પુરાવાનુ મુલ્યાંકન કરવાનુ રહે છે અને તેના ઉપરથી દાવાનો નિર્ણય આપી શકાય તેમ છે આમ પુરાવાનુ મુલ્યાકન કરતા પહેલા પુરાવાનો બોજો કયા પક્ષકાર પર રહે છે તે બાબત પણ ધ્યાને લેવી જરુરી જણાય છે. પુરાવાના બોજા અંગેની જોગવાઈ ભારતીય પુરાવા અધિનીયમમા કરવામાં આવેલ છે અને તેમા મહત્વની જોગવાઈ

ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩માં પુરાવાના બોજા અંગેની જોગવાઈ કરવામાં આવેલ છે.ભારતીય કલમ–૧૦૧ થી ૧૦૩ માં નીચે મુજબની જોગવાઈઓ કરવામાં આવેલ છે.

કલમ –૧૦૧. પુરાવાનો ભાર કે, બોજો (Burdern of Proof)

" જો કોઈ વ્યક્તિ એવી આશા રાખતી હોય કે, તેણે પ્રતિપાદિત કરેલી હકીકતોના પુરાવાના અસ્તિત્વ ઉપર આધારિત કોઈ કાયદેસરતા અથવા જવાબદારી વિશે કોર્ટ ફેંસલો આપે તો તે તેણે પુરવાર કરવું પડશે કે, તે હકીકતો અસ્તિત્વ માં છે.

કોઈ વ્યક્તિ કોઈ હકીકતના અસ્તિત્વને પુરવાર કરવા બંધાયેલી હોય, ત્યારે પુરાવાનો ભાર કે, બોજો તેના ઉપર છે એમ કહેવાય. "

કલમ–૧૦૨. પુરાવાનો બોજો કોના ઉપર હોય છે. (On whom burden of proof lies)

" બે માંથી કોઈ પક્ષકાર તરફથી કશો પુરાવો આપવામાં આવ્યો નહી હોય , ત્યારે જે વ્યક્તિ નિષ્ફળ જાય તેમ હોય તેના ઉપર દાવા તથા કાર્યવાહીમાં પુરાવાનો બોજો છે."

કલમ –૧૦૩ . કોઈ વિશિષ્ટ હકીકત સબંધમાં પુરાવાનો ભાર (Burdern of Proff as to particular fact):-

" કોઈ ચોક્કસ હકીકતનું અસ્તિત્વ હોવાનું કોર્ટ માને એમ જે વ્યક્તિ ઈચ્છતી હોય, તેના ઉપર તે હકીકતને પુરવાર કરવાનો ભાર છે. સિવાય કે, તે હકીકતના પુરાવાનો ભાર કોઈ ચોક્કસ વ્યક્તિ ઉપર રહેશે એવી કોઈ કાયદાથી જોગવાઈ કરવામાં આવી હોય."

આમ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ થી ૧૦૩ માં થયેલ જોગવાઈઓ ઘ્યાને લેવામાં આવે તો જે વ્યકિત કોઈ પણ વિષય વસ્તુ માટે જે દાદ મેળવવા માંગતા હોય તે વિષય વસ્તુ અસ્તીત્વ હોવા અંગે પુરવાર કરવાની જવાબદારી જે તે વ્યકિતની રહે છે.

૯.૧ <u>મુદ્દા નં.૧</u>

આ કામે મુદા નં.૧નો જવાબ આ કામના વાદીએ તેમના દાવા અરજીની હકીકતના સમર્થનમાં આંક-૨૮થી આંક-૨૯ સુધીના દસ્તાવેજ રજુ કરેલ છે જે વંચાણે લેતા આ કામના વાદી અને પ્રતિવાદી વચ્ચે વર્ષ ૨૦૧૯થી ધંધાકીય સંબંધ હોવાનુ જણાય આવે છે. વાદીએ પ્રતિવાદીના ખાતાના જે ઉતારા રજુ કરેલ છે. જેમાં વાદી કંપનીનુ સીલ છે. તેમજ વાદીની સહી હોવાનુ જણાય આવે છે અને આના સમર્થનમાં વાદીએ આંક-૨૭થી તેમનુ સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે. ઉપરોકત દસ્તાવેજો તેમજ રજુ થયેલ વાદીનુ રજુ થયેલ સરતપાસના સોગંદનામાનુ પ્રતિવાદી તરફે ખંડન કરવામાં આવેલ નથી. જેથી ઉપરોકત હકીકત ન માનવાને કોઈ કારણ જણાય આવતુ નથી. આથી મુદા નંબર ૧નો જવાબ હકારમાં આપવામાં આવે છે.

૯.૨ <u>મુદા નં.૨ , ૩ અને ૪</u>

મુદા નં ૨ની ઉપરોકત હકીકત પુરવાર કરવા માટે વાદીએ આંક-૩૦થી પ્રતિવાદીના ખાતાના તા. ૦૧/૦૪/૧૯થી ૩૦/૧૨/૨૨નુ લેઝર એકાઉન્ટ રજુ કરેલ છે. જે વંચાણે લેતા, ૧૬/૧૦/૨૧ના રોજ રૂા.૧,૪૫,૨૭૦/- જેટલી રકમ પ્રતિવાદી પાસેથી લેવાની નીકળતી હોય તેવુ જણાય આવે છે. તેમજ તે રકમની ચુકવણી કરવા માટે પ્રતિવાદીએ તેમના ખાતાના એચ.ડી.એફ.સી.બેક એકાઉન્ટ નં .૫૦૨૦૦૦૩૪૨૧૪૮૩૫ નો ચેક નં. ૦૦૦૨૪૯, તા. ૧૪/૧૦/૨૧નો રૂા.૧,૪૫,૨૭૦/-નો ચેક આપેલ છે. આથી આંક-૩૦થી રજુ થયેલ પ્રતિવાદીના ખાતાના ઉતારામાં જણાવેલ બાકીની નીકળતી રકમની હકીકતને સમર્થન મળે છે. જે ચેક વાદી તેમના ખાતામાં રજુ કરતા સદર ચેક ફંડ ઈનસફીસીયન્ટના શેરા સાથે પરત થયેલ છે. જે અસલ ચેક આ કામે આંક-૨૪થી તેમજ રીર્ટન મેમો આંક- ૨૫થી રજુ છે. ત્યારબાદ વાદીને તેમની કાયદેસરની લેણી રકમ ન મળતા તેઓએ આ કામના પ્રતિવાદીને તેમના વકીલ શ્રી મારફતે ૧૫/૨/૨૩ના રોજ નોટીસ મોકલાવેલ છે.

જે નોટીસની સ્થળપ્રત આ કામે આંક – ૩૩ થી રજુ છે. તેમજ સદર નોટીસ પ્રતિવાદીને મોકલવા બાબતે પોષ્ટ ખાતાની અસલ રસીદ આંક–૩૪ અને આંક–૩૫થી રજુ થયેલ છે. તેમજ આંક–૩૬થી પરત ફરેલ અસલ કવર વાદીએ રજુ કરેલ છે. જેમાં પ્રતિવાદીનુ સરનામુ અધુરુ હોય તે કારણસર કવર પરત થયેલ હોવાનુ જણાય આવેલ છે. પ્રતિવાદીને તેમના રહેણાંકના સરનામા ઉપર આ કામની નોટીસ બજી ગયેલ છે.જેથી હાલની નોટીસ બજી ગયા બાદ તેઓએ વાદીને તેમની કાયદેસરની રકમ ચુકવવાનુ કોઈ પ્રયત્ન કરેલ હોય તેવુ જણાય આવતુ નથી. આથી ઉપરોકત તમામ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા તેના સમર્થનમાં આ કામના વાદીએ તેમનુ સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે. આ તમામ હકીકતોનુ ખંડન થતુ ન હોય તેમજ ભારતીય પુરાવા અધિનિયમ મુજબ આ તમામ દસ્તાવેજો પુરાવામાં ગ્રાહય હોય તેમને ન માનવાનુ કોઈ યોગ્ય અને વ્યાજબી કારણ જણાય આવતુ ન હોય આથી મુદા નં.૨ થી ૪ નો જવાબ હકારમાં આપુ છુ.

૯.૩ <u>મુદા નં.૫</u>

આ કામના વાદી અને પ્રતિવાદી વચ્ચે જે ધંધાકીય વ્યવહાર હતો તેમાં પ્રતિવાદી રકમ ન ચુકવે તો અથવા રકમ ચુકવવામાં કસુર કરે તો કેટલા ટકા વ્યાજ લેવાનુ રહેશે તેવો કોઈ કરાર આ કામે રજુ થયેલ નથી. પ્રતિવાદીએ તેમની દાવા અરજીમાં, પ્રતિવાદી વાર્ષિક ૨૪% લેખે નાણા રોકાણની નુકસાની (વિલંબીત ચાર્જ) વાદીને અલગથી ચુકવી આપે તેવી દાદ માંગી છે. પણ ઉપર ચર્ચા કરી તે મુજબ બંન્ને પક્ષકારો વચ્ચે વિલંબીત ચાર્જ બાબતેનો કરાર ન હોવાને કારણે વાદીએ વાર્ષિક રૂા.૨૪ % વ્યાજ બાબતે કોઈ ચોકકસ પુરાવા ના હોય જેથી મુદા નં પનો જવાબ અંશત: હકારમાં આપવામાં આવે છે.

૯.૪ **મુદા નં.૬**

આ કામના વાદીએ મુદા નં. ૧ થી ૪ની હકીકત પુરવાર કરેલ છે.અને વાદીને તેમના દાવા અરજીમાં જણાવેલ મુદલ લેણી રકમ રૂા. ૧,૪૫,૨૭૦/– તા. ૧૬/૧૦/૨૧થી આ કામના પ્રતિવાદી પાસેથી લેવાની નીકળતી હોય જે આજદીન સુધી પ્રતિવાદી ચુકવી આપેલ નથી. તેમજ વાદીએ તેમની દાવા અરજીના સમર્થનમાં જે મૌખિક અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે. તે તમામ પુરાવા ધ્યાને લેતા વાદી તેમના દાવા અરજીની હકીકત પુરાવાર કરવામાં સફળ રહેલ હોય જેથી મુદા નં. ૬ નો જવાબ અંશત: હકાર આપી, મુદા નં. ૭ માટે નીચે મુજબનો હુકમ કરુ છુ.

હુકમ

૧. વાદીનો હાલનો દાવો આથી અંશત: મંજુર કરવામાં આવે છે.

૨. આ કામના પ્રતિવાદીએ વાદીને રૂા ૧,૪૫,૨૭૦/– વાર્ષિક ૧૧ % વ્યાજ સાથે લેખે દાવા અરજીની તારીખથી નાણાની વસુલાત ન થાય ત્યાં સુધી ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે. વાદી, પ્રતિવાદની સ્થાવર અને જંગમ મિલકતમાંથી સદર મિલકત મેળવવા હકદાર છે તેમ ઠરાવવામા આવે છે.

૩. પક્ષકારોએ દાવાનો ખર્ચ પોત પોતે ભોગવવો.

૪. હુકમ મુજબ હુકમનામુ દોરવું.

આ હુકમ આજરોજ, તા.૨૩ મી, માહે જુન સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૨૩/૦૬ /૨૦૨૬.
અંકલેશ્વર

(વી.વી. શુકલા)
ત્રીજા અધિક સીનીયર સિવીલ જજ,
અંકલેશ્વર
કોડ નં. જી.જે.૦૧૩૪૩